**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૨ ટકા ● સાંજે ૧૯ ટકા

# શહેરમાં સાંજે પાંચ વાગ્યા બાદ 'પ્રવેશ બંધી'...!!

## સાંજે પાંચ વાગ્યા પછી તમામ એન્ટ્રી પોઈન્ટ પરથી બહારથી આવતી તમામ વ્યકિતઓ-વાહનોને અટકાવાય છે : સઘન પુછપરછ પછી વ્યાજબી કારણ હોય તો જ પ્રવેશ મળે છે

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગરમાં લોકડાઉન-૪માં ભલે ઘણી છુટછાટ મળી હોય પરંતુ સાંજના પાંચ વાગ્યા પછી આ શહેરમાં બહારથી આવતી કોઈ પણ વ્યકિત કે વાહનને પ્રવેશ મેળવવો મુશ્કેલ છે. રાજયભરમાં સાંજે ચાર વાગ્યા પછી વેપાર-ધંધા કરવાની છુટ નથી, તેના એક કલાક પછી પાટનગરમાં પ્રવેશબંધી લાદી દેવામાં આવે છે. આ કારણે શહેરની બહાર નોકરી કરતા નોકરિયાતોને પોતાની નોકરી પતાવી ઘરે પરત ફરવું અઘરું બની જાય છે.

ગાંધીનગર શહેર રેડ ઝોનમાં હોવાને કારણે અન્ય જિલ્લા કે શહેરમાંથી આવતા વ્યકિતઓ તથા વાહનોને સાંજે પાંચ વાગ્યા પછી પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે. શહેરમાં સાંજે ૪ વાગે તમામ દુકાનો બંધ કરાવી દેવામાં આવે છે તે પછી સાંજે ૬ વાગ્યા સુધીમાં તમામ ઓફિસ કચેરીઓ બંધ થઈ જાય તેના એક કલાક પછી આકસ્મિક કે અગત્યના કારણ વગર ઘરની બહાર નીકળવા પર મનાઈ ફરમાવવામાં આવી છે. આથી સાંજે સાત વાગ્યા પછી આખુ શહેર સુમસામ બની જાય છે. બીજી તરફ શહેરમાં બહારથી આવતા વાહનોને સાંજે પાંચ વાગ્યાથી જ પ્રવેશ આપવાનું બંધ કરી દેવામાં આવે છે. શહેરની ફરતે તમામ એન્ટ્રી પોઈન્ટ પર પોલીસનો કડક જાપ્તો બેસાડી દેવામાં આવ્યો છે જે દરેક નાકા પોઈન્ટને સીલ કરી દે છે અને સાંજે પાંચ વાગ્યા પછી શહેરમાં પ્રવેશવા માંગતા તમામ વ્યકિતઓને અટકાવાય છે અને તેમની સઘન પુછપરછ કરી જો વ્યાજબી અને યોગ્ય કારણ જણાય તો જ પ્રવેશ આપવામાં આવે છે. આ સ્થિતિને કારણે પોતાની નોકરી કે કોઈ અન્ય કારણસર શહેરની બહાર ગયલા વ્યકિતઓને શહેરમાં પ્રવેશ મેળવવો અઘરો થઈ જાય છે. નિયમિત અપડાઉન કરતાં નોકરિયાતોને પણ રોજ એન્ટ્રી પોઈન્ટ પર પોલીસ સાથે જીભાજોડી કરવી પડી રહી છે અને કેટલાંક પોલીસ કર્મીઓ દ્વારા 'આજે તો આવવા દઉં છું, કાલથી વહેલા આવી જજો નહીંતર એન્ટ્રી નહીં મળે' જેવી ચેતવણી સાથે પ્રવેશ આપવામાં આવે છે.

### ગામડામાં સાંજે સાત વાગ્યા પછી પ્રવેશબંધી

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં લગભગ દરેક ગામમાં સાંજના સાત વાગ્યા પછી કોઈને પ્રવેશ આપવામાં આવતો નથી પછી ભલે તે ગામનો વ્યકિત હોય. આ કારણે પોતાના નોકરી-ધંધાર્થે ગાંધીનગર આવતા નાગરિકોને પોતાના કામકાજ પતાવી સાંજે સાત વાગ્યા પહેલા પોતાના ગામમાં પ્રવેશ મેળવી લેવાની ઉતાવળ હોય છે. આમ પણ શહેરમાં ચાર વાગે તમામ દુકાનો બંધ થઈ જાય છે તેથી તેમાં કામ કરતાં નાગરિકો કે દુકાનદારો ઝડપથી પોતાના અન્ય કાર્યો પતાવી ગામ ભણી જતાં રહે છે અને સરકારી કર્મચારીઓ ઓફિસમાં આ પરિસ્થિતિની જાણ કરીને થોડા વહેલા ઘર તરફ નીકળી જવાનું વલણ ધરાવે છે.



# જેણે આ સેવા પુરી પાડી છે, તેને સલામ....!!



છેલ્લા બે માસથી ચાલી રહેલી કોરોના મહામારીના પગલે ઘરમાં કેદ થઈ ગયેલા માનવીને જાણે ખબર જ નથી પડી કે ઉનાલાની ઋતુ માઝા મુકી રહી છે, માનવીને તો જાણે એવું જ લાગી રહ્યું છે કે 'કોરોના' ઋતુ ચાલી રહી છે પરંતુ જેને કોરોના કઈ બલા છે તે ખબર જ નથી તે અબોલ પ્રાણી-પક્ષીઓને તો આ ઉનાળો દર વખત કરતાં વધુ આકરો લાગી રહ્યો છે. કેમ કે આ વખતે જે માનવીઓ જીવદયા ખાતર અબોલ પ્રાણીઓ-પક્ષીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરતા હતા તે પ્રવૃત્તિમાં ઓટ આવી છે. આમ છતાં જે થોડા ઘણાં જાગૃત પ્રકૃતિ પ્રેમીઓએ આ વ્યવસ્થા કરી છે તે અબોલ જીવો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે તેની સાબિતિ આ તસવીર છે જેમાં એક કપિરાજ પોતાની તરસ છીપાવ્યા પછી આ વ્યવસ્થા કરનારને તેમની સેવા બદલ સલામ કરી જાણે આભાર પ્રગટ કરી રહ્યા છે.

# ઘર આગળ છોકરાઓના રમવા મુદ્દે કહેવા જતા ધોકા વડે હુમલો

ગાંધીનગર, તા.૨૨
ગાંધીનગર શહેરના પ્રેસ સર્કલ પાસે કાચા છાપરામાં મારામારીની ઘટના બની છે. છાપરા આગળ છોકરાઓ રમતા હોવાથી કહેવા જતા બે વ્યકિતઓએ ધોકા વડે હુમલો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મારામારીમાં ૩ વ્યકિતને ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના પ્રેસ સર્કલ પાસે કાચા છાપરામાં રવિ કાળુભાઈ દંતાણી પોતાના ભાઈ અને માતા સાથે રહે છે. સાંજના સુમારે અમે બે ભાઈઓ અને માતા છાપરા પાસે બેઠા હતા તે સમયે મારા ફુવાના છોકરા અમારા ઘર પાસે રમતા હતા. અગાઉ પણ છોકરાના રમવા અંગે માથાકુટ થઈ હતી. જેથી મારી મમ્મી મારા ફુવાના ઘરે જઈને છોકરાઓને ઘર પાસે રમવા માટે નહી મોકલવાના તેમ કહેવા ગઈ હતી. તેથી મારા ફુવા અરજણભાઈ ફરીયાદીની માતાને ગાળો બોલતા હતા. જેથી ગાળો બોલવાની ના પાડતા અરજણભાઈના ભાઈ કિશોર પણ ઉપરાણુ લઈને આવી ગયો હતો અને જેમ તેમ બોલી રહ્યો હતો. તે સમયે છાપરામાંથી અરજણભાઈ લાકડાનો ધોકો લઈને ફરીયાદી અને તેમના માતાને માથામાં માર્યો હતો. ત્યારબાદ ગોપાલને પણ કિશોરે શરીરે ધોકા વડે માર મારતા ઈજા પહોંચી હતી. મારામારીને પગલે હોહા થતા આસપાસના અન્ય ભાઈ બહેનો દોડી આવતા વધુ મારમાંથી બચાવ્યા હતા. ત્યારબાદ ત્રણેય ઈજાગ્રસ્તોને ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે ગુનો નોંધી હુમલાખોરોને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

દોઢ-બે મહિનાના સમયગાળા બાદ શહેરના માર્ગો પર ટ્રાફિક જોવા મળી રહ્યો છે. હવે તો રસ્તાઓ પર રીક્ષાઓ પણ જોવા મળી રહી છે. રીક્ષાઓમાં માત્ર બે જ મુસાફરોને બેસાડવાની પરવાનગી હોવા છતાં કેટલાક રીક્ષાચાલકો વધુ મુસાફરો ભરતા હોવાની ફરીયાદ ઉઠવા પામી છે. સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન થાય તે જરુરી છે ત્યારે રીક્ષાચાલકો પણ તમામ નિયમો પાળે તે આવશ્યક બનતું જાય છે.



# સરકારે છુટ આપી પરંતુ, હજુ એક પણ હોટલ-રેસ્ટોરન્ટના કામકાજ શરૂ થયાં નથી

## સરકારી ૪ વાગ્યાની સમય મર્યાદા ફુડ બીઝનેસ માટે મુખ્ય નડતરરૂપ સમસ્યા : હોટલ-રસ્ટોરન્ટનો ટેક અવે કે હોમ ડિલીવરી સહિતનો ૯૦ ટકા બીઝનેસ બપોર પછીનો હોય છે : રો-મટિરિયલ્સ તથા સ્ટાફના પણ પ્રશ્નો

ગાંધીનગર, તા.૨૨
લૉકડાઉન-૪માં સરકારે કેટલાંક વેપાર-ધંધાને છૂટ આપી છે તેમાં રેસ્ટોરન્ટ-હોટલ બીઝનેસને માત્ર 'ટેક અવે' અથવા 'હોમ ડિલીવરી' માટે જ મંજૂરી આપવામાં આવી છે. જો કે આ છુટછાટનો હોટલ રેસ્ટોરન્ટ ધારકો કોઈ જ લાભ મેળવી શકયા નથી અને શહેરમાં હજુ સુધી કોઈ પણ રેસ્ટોરન્ટ કે હોટલ દ્વારા આ સુવિધા શરુ કરવામાં આવી હોય તેવું જાણવામાં આવ્યું નથી. આ સ્થિતિ માટે આમ તો ઘણા પરિબળો જવાબદાર છે પરંતુ જે મુખ્ય કારણ છે તે સરકારે આપેલી સમય મર્યાદા છે કેમ કે ટેક અવે કે હોમ ડિલીવરી માટેનો મુખ્ય બીઝનેસ બપોર પછીનો જ છે જયારે બપોરે ૪ વાગ્યા પછી તમામ વેપાર ધંધા બંધ કરી દેવાનો સરકારનો આદેશ હોવાથી આપવામાં આવેલી છુટછાટનો કોઈ હોટલ-રેસ્ટોરન્ટ ધારક લાભ લઈ શકતા નથી.

રેસ્ટોરન્ટ બીઝનેસને સરકાર દ્વારા લૉકડાઉન-૪માં માત્ર ટેક અવે ઓર્ડસ કે હોમ ડિલીવરીની જ છુટ આપવામાં આવે છે પરંતુ ગાંધીનગરમાં હજુ સુધી કોઈ પણ જાણીતી હોટલ કે રેસ્ટોરન્ટ દ્વારા આ સુવિધા શરુ કરવામાં આવી હોય તેવું જાણવા



મળ્યું નથી. કુડાસણ વિસ્તારમાં જાણીતા એક રેસ્ટોરન્ટના માલિકે નામ નહીં લખવાની શરતે જણાવ્યું હતું કે, 'અમારે રેસ્ટોરન્ટ પર સરકારે આપેલી છુટછાટ અનુસાર કામકાજ ચાલુ કરવા માટે ત્રણ સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો છે. જેમાં સૌથી પહેલા તો સ્ટાફની સમસ્યા છે. અત્યારે અમારા મોટાભાગના કારીગર તેમના વતન જતા રહ્યા છે જે તુરંત પાછા ફરી શકે તે શકયતા ઓછી છે.જેટલા કારીગર હાજર છે તેનાથી કામકાજ શરૂ કરીએ તો બીજો પ્રશ્ન રો-મટિરિયલ્સનો આવે છે, કેમ કે શહેરની દરેક સારી રેસ્ટોરન્ટ કે હોટલ તેના મેનું માટેનું રો-મટિરિયલ મોટે ભાગે અમદાવાદથી જ ખરીદે છે અને અત્યારે અમદાવાદની જે સ્થિતિ છે તે જોતાં ત્યાંથી રો-મટિરિયલ ખરીદવું અઘરું અને સંક્રમણના જોખમથી ભરેલું છે. જો સ્થાનિક બજારમાં મળતા રો-મટિરિયલ પર જ આધાર રાખી મેનુ ઓછું રાખીએ તો ઘરાકી મળે તેમ નથી. જેમ કે ચાઈનીઝ કે ઈટાલિયન ફુડ ટેક અવે અથવા હોમ ડિલીવરીમાં વધુ પસંદગી પામે છે પરંતુ તેમાં વપરાતા વિદેશી વેજીટેબલ્સ ગાંધીનગરમાં ઉપલબ્ધ નથી હોતા.'

આ બંને કારણોથી પણ વધુ મોટી સમસ્યા ટાઈમીંગની છે તેવું જણાવતા તેમણે કહ્યું કે, 'મોટે ભાગે ટેક અવે અથવા હોમ ડિલીવરીમાં ફાસ્ટફુડ, પીઝા, બર્ગર જેવી આઈટમોનો સૌથી વધુ બીઝનેસ હોય છે અથવા પાઉંભાજી, વડાપાઉં જેવી આઈટમોના ઓર્ડસ વધુ હોય છે પરંતુ આ તમામ ઓર્ડસ સાંજના સમયના હોય છે. અમારા ટેકઅવે કે હોમ ડિલીવરીના ઓર્ડસમાં આશરે ૯૦ ટકા બીઝનેસ સાંજના ૪ થી ૧૦ વાગ્યા સુધીનો હોય છે જયારે સરકારે ૪ વાગ્યા સુધીની જ છુટ આપી છે તેથી આ સુવિધા અમે ગેમ તેમ કરીને ચાલુ કરીએ તો પણ અમને ભારે નુકસાન કરનારી સાબિત થાય અને રોજ તૈયાર કરેલ સામગ્રી ફેંકી દેવાનો વારો આવી શકે છે.' આ સ્થિતિનો લગભગ શહેરના દરેક રેસ્ટોરેન્ટ-હોટલ ધારકોને સામનો કરવો પડી રહ્યો હોવાથી સરકારે છુટ આપવા છતાં ગાંધીનગરમાં હજુ એક પણ હોટલ રેસ્ટોરન્ટનો કામકાજ શરુ કરવા શકય બન્યાં નથી.

# મોડી સાંજે ફરવા નીકળેલા બે યુવાનો સામે જાહેરનામા ભંગની ફરીયાદ

ગાંધીનગર શહેરમાં કોરોના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ગાંધીનગર શહેર રેડઝોનમાં આવી ગયું છે અને કેટલાક સેકટરનો વિસ્તાર કેન્ટેન્મેન્ટ ઝોનમાં છે. ત્યારે સવારે ૭ થી ૪ વાગ્યા સુધી જીવનજરુરી ચીજવસ્તુઓ સહિત વેપાર ધંધામાં પણ છુટછાટ આપવામાં આવી છે. જયારે સાંજના ૭ થી સવારના ૭ વાગ્યા સુધી સંપૂર્ણ લોકડાઉન છે. ત્યારે સેકટર-૭ પોલીસના હાથે મોડીસાંજના આંટાફેરા મારતા બે યુવાનો આવી જતા જાહેરનામા ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ સેકટર-૭ પોલીસના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન ચ-૨ સર્કલથી સેકટર-૮ તરફ જવાના માર્ગ પર રાત્રીના સાડા આઠ વાગ્યાના અરસામાં એક યુવક ચાલતો જતો નજરે પડ્યો હતો. પોલીસે તેને પુછપરછ કરતા તે યોગ્ય જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે સેકટર-૩ સી પ્લોટ નં.૫૦૪-૨ ખાતે રહેતા માનસ રામગણેશ યાદવ અને સેકટર-૬ બી પ્લોટ નં.૭૪૧-૧ખાતે રહેતા રમેશ શંકરભાઈ ચૌધરી આઠ વાગ્યાના અરસામાં સેકટર-૫-૬ ના કટ પાસે સેકટર-૬ માં જવાના માર્ગ પર મળી આવ્યા હતા. પોલીસે રમેશભાઈને પણ પુછતા તેઓ યોગ્ય જવાબ ન આપી શકતા તેઓની સામે પણ પોલીસે જાહરનામા ભંગ હેઠળ કાર્યવાહી કરી હતી.

### ચિરવિદાય

- સ્વ. દિપીકાબેન રાજેશકુમાર ત્રિવેદી, ઉ.વ. ૫૭
- સ્વ. શારદાબેન જયંતિલાલ પટેલ, ઉ.વ. ૫૯
- સ્વ. શારદાબેન બાબરજી ઠાકોર, ઉ.વ. ૫૨
- સ્વ. કપીલાબેન નવનીતરાય ત્રિવેદી, ઉ.વ. ૮૨
- સ્વ. રાવળ રમેશભાઈ રેવાભાઈ, ઉ.વ. ૩૦
- સ્વ. મીનાબેન દેવેન્દ્ર દવે, ઉ.વ. ૫૯



ગરમી ધીમે ધીમે વધી રહી છે. મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રીને આંબી રહ્યું છે. આકાશમાંથી જાણે અગનગોળા વરસી રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. આકરી ગરમીમાં માટલાનું ઠંડુ પાણી અમૃત જેવું લાગે છે. ઉનાળો શરૂ થયો છે ત્યારે માટલાની ખરીદી ધીમે ધીમે વધી રહી છે. અત્યાર સુધી માટલાની ખરીદીમાં મંદી રહી હતી. હવે છૂટ મળતા માટલાની ખરીદી કરતી ગૃહિણીઓ નજરે ચઢી રહી છે.

# શહેરના બજારોમાં માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સનું પાલન

ગાંધીનગર, તા.૨૨
સતત ત્રણ લોકડાઉન બાદ આવનાર ૧૪ દિવસીય લોકડાઉનના નીતિ નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. જે સંદર્ભે નગરમાં સવારે આઠ થી ત્રણ વાગ્યા સુધી નગરજનો પોતાની જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ લેવા ઘરની બહાર નીકળી શકે છે એવી છૂટછાટ આપવામાં આવી છે. તથા બજારોમાં ઓડ - ઈવન નંબરમાં જ દુકાન ખુલ્લી રહી શકે તેવો નિયમ લાગુ પાડવામાં આવ્યો છે. ત્યારે બીજી બાજુ શહેરીજનો ખરીદી કરવા જતા શિસ્ત પણે માસ્કનો ઉપયોગ કરી સોશીયલ ડિસ્ટન્સીગનું પાલન કરતા જણાઈ રહ્યા છે.

નગરમાં સાંજે ૭ થી સવારે ૭ સુધી જનતા કરફ્યૂ અને સવારે ૮ થી સાંજે ૩ વાગ્યા સુધી જનતાને ઘરની બહાર નીકળવા બાબતે છૂટછાટ આપવામાં આવી છે. ત્યારે હવે આ સમયે નગર રેગ્યુલર દિવસો જેવું જ વર્તાય છે. હા ત્રણ વાગ્યા બાદ ના સમયમાં ફક્ત સરકારી કર્મચારીઓ જ પોતપોતાના ઘરે જતા જણાય છે બાકી નગરજનો પોત પોતાનું કામ ત્રણ વાગ્યા સુધીમાં પતાવી ઘરભેગા થઈ



જાય છે. શહેરની તમામ દુકાનદારોને પણ ઓડ ઈવન નંબરમાં સાંજે ચાર વાગ્યા સુધી ખુલ્લો રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્યારે આ નિયમનું તમામ દુકાનદારો પાલન કરી રહ્યા છે. સાથે ખરીદનાર તમામ નગરજનો પણ દુકાનદારે ગોઠવેલા વર્તુળમાં ઊભા રહી માસ્ક સાથે સોશિયલ જાળવી શિસ્તનું પાલન કરતા જણાઈ રહ્યા છે અને દરેક દુકાનમાં પૈસાની લેવડ દેવડ સેનીટાઈઝેશન કરીને કરવામાં આવી રહી છે અને બને તો ડિજિટલ પેમેન્ટનો જ આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. શહેરના મોલ તથા મોટા સ્ટોરમાં એન્ટર થતા ની સાથે જ સેનીટાઈઝર ની સુવિધા રાખવામાં આવી છે તથા ત્યાં પાંચથી વધુ વ્યક્તિ મર્યાદિત સમય સુધી વસ્તુ ખરીદવા આવી જઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત અમુક સ્ટોર્સમાં વસ્તુઓનું લીસ્ટ આપીને બહાર લાઈનમાં ઉભા રહેવાની વ્યવસ્થા સાથે ફોન કરીને જ્યારે વારો આવે ત્યારે બોલાવીને પેમેન્ટ કરવા સાથે વસ્તુ લઈ મળી જતી હોય છે. હાલમાં બજારમાં એટલે ભીડ નથી જણાઈ રહી નગરજનો ઘરમાં જોઈએ તેટલી જ વસ્તુ ખરીદવાનો આગ્રહ રાખી રહ્યા છે. ઉપરાંત અમુક જ વસ્તુઓ હાલ શહેરની દુકાનમાં ઉપલબ્ધ જ નથી. કારણકે મોટા ભાગના કરિયાણાનો સ્ટોક અમદાવાદ ના હોલસેલ માર્કેટમાંથી જ આવે છે અને હાલ તે તમામ વિસ્તાર રેડ ઝોનમાં હોવાથી ત્યાંથી ચીજવસ્તુઓ નગરમાં લાવી શકાય તેમ જ નથી. જેથી કરીને વેપારીઓ પણ હાલ જે ચીજવસ્તુઓ સ્ટોકમાં છે તેના વેચાણ થી જ કામ ચલાવી રહ્યા છે અને સાથે ખરીદનાર પણ.

**હવે ફક્ત મેડીકલની દુકાન સુધી જ માસ્ક કે સેનેટાઈઝર મળવા સીમિત નથી રહ્યા. પરંતુ હાલના સમયમાં દરેક પ્રકારનો વેપાર કરતા દુકાનદાર માસ્ક, સેનેટાઈઝર અને ગ્લવ્સનું વેચાણ કરી રહ્યા છે. શાકભાજી વેચનાર પણ એટલા સતર્ક બન્યા છે કે તેઓ પણ માસ્ક પહેરવા સાથે શાક સાથે માસ્કનું પણ વેચાણ કરી રહ્યા છે.**